## ખાદી વણાટ સહાયમાં વધારો કરવાનો નિર્ણય મહાત્મા ગાંધીને શ્રેષ્ઠ શ્રધ્ધાંજલી : વાડીભાઈ પટેલ

ગાંધીનગર તા ૨

રાજયમાં ખાદી વણાટ ક્ષેત્રે સહાયમાં સવા ત્રણથી પાંચ ગણો વધારો કરવાની મુખ્યમંત્રીની જાહેરાતને આવકારી ખાદી ગ્રામ ઉઘોગ બોર્ડના અધ્યક્ષ વાડીભાઈ પટેલે પુજય મહાત્મા ગાંધીને શતાબ્દી વર્ષમાં શ્રેષ્ઠ શ્રધ્ધાંજલી આપી હોવાનો હર્ષ વ્યકત કર્યો છે.તેમણે આ તબક્કે તેમ પણ જણાંવ્યુ છે કે આ ક્રાંતિકારી નિર્ણયથી સમગ્ર દેશને નવી દિશા મળશે.

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે રાજયમાં ખાદી વણાંટ ક્ષેત્રે સંકળાયેલી બહેનોને ચુકવવામાં આવતી સહાયમાં ત્રણથી પાંચ ગણો વધારો કર્યો છે. તેમના આ નિર્ણયના લીધે ગ્રામીણ વણાટ કારીગર કલ્યાણ નિર્ણયનો લાભ સમગ્ર દેશને થશે. આ મામલે ખાદી ગ્રામ ઉઘોગ બોર્ડના પૂર્વ અધ્યક્ષ વાડીભાઈ પટેલે પણ રાજીપો વ્યકત કર્યો છે. તેમણે આ અંગે ખુશી વ્યકત કરતા જણાંવ્યુ છે કે ખાદી ગ્રામ ઉઘોગ ક્ષેત્રે ૧૯૧૫ થી ૨૦૧૫ દરમિયાન શતાબ્દી વર્ષની ઉજવણી થઇ રહી છે. ત્યારે આ નિર્ણય આવકાર્ય છે. ગુજરાતના વિકાસમાં જયોર્તિ ગ્રામ યોજનાનો મહત્વનો ફાળો રહયો છે. આ ક્ષેત્રે કામ કરતા ગરીબ કારીગરોને વણાંટ તેમજ કાંતણમાં વાર્ષિક રૂપિયા ૫૫ થી ૭૦ હજાર રૂપિયાની આવક થાય છે. જે ખુબ જ ઓછી ગણાય. મુખ્યમંત્રી આનંદીબેનના આ નિર્ણયથી ગરીબ કારીગરોને લાભ મળશે.



(તસવીર : કશ્યપ નિમાવત)

અધિક માસની ઈફેક્ટ - અધિક મહિનો પવિત્ર માસ ગણાય છે... ભારતીય સંસ્કૃતિમાં ને વિશેષ કરીને હિંદુશાસ્ત્રમાં અધિક મહિનામાં વધુ ભક્તિ કરવાનો મહિમા છે... કથા-વાર્તા, પૂજન-અર્ચન ઠેકઠેકાણે થાય છે... અને એ જ માહોલમાં યંત્રો-માળાઓ, દોરા-ધાગા વેચવા શહેરના માર્ગો પર પાથરણાવાળા જામ્યા છે....

## ડ્રાઈવરે આઈશર રીવર્સ કરતાં મધર ડેરીમાં એકને કચડી નાંખ્યો

### યુવાનનું ઘટનાસ્થળે મૃત્યુ : આઈશર લઈને આરોપી ડ્રાઈવર ફરાર

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર નજીક ભાટ ગામની સીમમાં સ્થિત મધર ડેરીમાં ગઈ મોડી સાંજે એક આઈસરના ડ્રાઈવરે આઈશર રીવર્સ કરતાં પાછળ ઉભેલા એક યુવાનને ટાયર નીચે કચડી નાંખ્યો હતો. આ ઘટનામાં સ્થળ પર જ યુવાનનું કરૂણ મૃત્યુ નિપજયું હતું. જેને પગલે આઈશર લઈને ડ્રાઈવર ફરાર થઈ ગયો હતો. અડાલજ પોલીસે આઈશર ચાલક સામે ગુનો દાખલ કરીને તેની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

મધર ડેરી મિલ્ક ડિસ્પેચ હોકના કમ્પાઉન્ડમાં ગઈકાલે મોડી સાંજે આઈશર નં. જીજે-૨-ઝેડ-૮૮૯૩ના ડ્રાઈવરે આઈશર રીવર્સ મારતા પાછળ ઉભેલા મથુરેશકુમાર બનવારીલાલ યાદવને ટાયર નીચે ચગદી નાંખ્યો હતો. મથુરેશકુમારનું ગંભીર ઈજાઓને કારણે મધર ડેરીના કમ્પાઉન્ડમાં જયાં બનાવ બન્યો ત્યાં સ્થળ પર જ કમકમાટીભર્યુ મૃત્યુ નિપજતાં ચકચાર મચી ગઈ હતી. તો બીજી તરફ આઈશરનો ડ્રાઈવર વાહન સાથે ફરાર થઈ ગયો હતો. આ બનાવ અંગે મેઘાણીનગર રહેતા અશોકકુમાર યાદવે અડાલજ પોલીસમથકે ફરીયાદ આપતા પીએસઆઈ ઝાલાએ તપાસ શરૂ કરી છએ. મૃતક મથુરેશકુમાર એ અશોકકુમારના બનેવી થતા હતા.

# ગાંધીનગરમાં જામ્યો ભકિતનો માહોલ

### પુરુષોત્તમ માસ અને રમઝાન માસની ઉજવણી ચરમસીમાએ પહોંચતા વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું પુરજોશમાં આયોજન

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગરમાં આજકાલ ધાર્મિક માહોલ પુર્ણ પણે જામ્યો છે. હિન્દુઓના પવિત્ર પુરુષોત્તમ માસ અને મુસ્લિમોના રમઝાન માસની ઉજવણી પુરજોશમાં થઈ રહી છે. મંદિરો અને મસ્જીદોમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમોના આયોજન થઈ રહ્યાં છે.

વ્રત, ઉપવાસ અને રોઝાનો માહોલ ચારે તરફ જોવા મળી રહ્યો છે. હાલમાં પુરુષોત્તમ માસ એટલે કે અધિક માસ ચાલી રહ્યો હોઈ વહેલી સવારથી મોડી રાત સુધી શહેરના મંદિરોમાં તથા સેકટરોમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમ યોજાઈ રહ્યા છે. વહેલી સવારથી જ મંદિરે દર્શન તથા વિશેષ પુજા માટે ભીડ જોવા મળે છે. શહેરના જાણીતા પંચદેવ મંદિર, ઓમકારેશ્વર મંદિર સહિતના નાના મોટા મંદિરોમાં દરરોજ સવારે વિશેષ પુજાનું આયોજન થઈ રહ્યું છે. કથા, પાઠ તથા ભજનના કાર્યક્રમો ઘણા ઘરોમાં યોજાઈ રહ્યા છે. પવિત્ર પુરુષોત્તમ માસમાં વિવિધ ધાર્મિક સ્થળોની મુલાકાત તથા નદી સ્નાનનું ખુબ મહાત્મ્ય હોઈ નાના-મોટા ધાર્મિક પ્રવાસોનું આયોજન પણ થઈ રહ્યું છે. જેમાં વયસ્કો-વડીલો મોટી સંખ્યામાં જોડાઈ રહ્યા છે. અધિક માસમાં એક ટાણાનું ખુબ મહાત્મ્ય હોઈ ઘણા પરિવારમાં એક ટાણા કરવામાં આવી રહ્યા છે. અધિક માસમાં કરવામાં આવેલી પ્રાર્થના, પુજા, ઉપાસના અને ઉપવાસનું પુણ્ય અધિક મળતું હોવાની માન્યતા હોઈ સૌ કોઈ ધાર્મિક રંગે રંગાયા છે.

તેવી જ રીતે મુસ્લિમ સમુદાય હાલમાં રોઝા કરી રહ્યા છે. પવિત્ર રમઝાન માસમાં ત્રીસે ત્રીસ દિવસના રોજા દરેક મુસ્લિમ માટે કરવા ફરજીયાત છે. આ દિવસો દરમિયાન બદી થી દુર રહી ઈબાદતમાં સૌ કોઈ રચ્યા પચ્યા રહે છે. રમઝાન માસ દરમિયાન રોઝા કરવાની સાથે જ જકાત આપવી એટલે કે દાન આપવું આવશ્યક છે. જકાત એટલે દરેક મુસ્લિમે તેની માલ-મિલ્કત, સોનુ, ચાંદી અને રોકડ રકમ હોય તેના સરવાળાના અઢી ટકા જકાત પેટે કાઢવા ફરજિયાત છે. તેની પાછળનું કારણ એ જ છે કે ગરીબ માણસ પણ સારી રીતે ઈદ મનાવી શકે. હાલમાં રમઝાન માસના ચૌદ-પંદર દિવસ પૂર્ણ થયા હોઈ જકાત-દાન આપવાની પ્રવૃત્તિ વધી છે. જકાત સ્વીકારવાવાળા ગરીબ-જરૂરીયાતમંદની અવર જવર મુસ્લિમ વિસ્તારોમાં વધુ જોવા મળી રહી છે. ૧૮મી જુલાઈએ ઈદની ઉજવણી થવાની હોઈ હવે થોડાક જ દિવસોમાં બજારોમાં ઈદની ખરીદીની રોનક જોવા મળશે.



(તસવીર : કશ્યપ નિમાવત)

## ગાંધીનગર મ્યુનિ. કોર્પોરેશન દ્વારા દૈનિક સરેરાશ ૬૫ થી ૭૦ ટન કચરાનો નિકાલ

ગાંધીનગર, તા. ૨

શહેરની સ્વચ્છતા અને સુંદરતા જાળવી રાખવા ગાંધીનગર મ્યુનિ. કોર્પોરેશન દ્વારા નિયમિત અને અસરકારક સફાઈ કામગીરી અમલી બનાવાઈ છે. જેમાં રહેણાંક અને કોમર્શિયલ સહીતના વિસ્તારોમાં સફાઈ કામગીરી બાદ દૈનિક સરેરાશ ૬૫ થી ૭૦ ટન કચરાનો નિકાલ કરવામાં આવે છે.

ગાંધીનગર મ્યુનિ. કોર્પોરેશન દ્વારા શહેરના આંતરિક સ્થળોએ તેમજ મુખ્ય માર્ગો-આંતરિક માર્ગો ઉપર નિયમિત ધોરણે સફાઈ કામગીરી કરવામાં આવે છે. સફાઈ કામગીરી બાદ એકઠા થતા કચરાનો ટ્રેક્ટર તથા લીફ્ટર જેવા વાહનોની મદદથી નિકાલ કરવામાં આવે છે. જેમાં કચરા નિકાલના વાહનનો વે બ્રીજ પર વજન નોંધાયા બાદ જ કચરાનો નિકાલ કરવામાં આવે છે. સેક્ટર-૩૦ ખાતે આવેલા વે બ્રીજ પર દરરોજ સરેરાશ ૪૦થી ૫૦ જેટલા કચરા નિકાલના વાહનોનો વજન નોંધવામાં આવે છે. ઉપરાંત વે બ્રીજ પર નિર્ધારિત દર હેઠળ માલ વાહક ખાનગી વાહનોના વજન પણ કરવામાં આવે છે. દરમિયાન મિયમિત અને અસરકારક સફાઈ કામગીરી હેઠળ કોર્પોરેશન દ્વારા દરરોજ સરેરાશ ૬૫ થી ૭૦ ટન કચરાનો નિકાલ કરવામાં આવી રહ્યો છે.

## આવતીકાલથી ભાજપ દ્વારા મહાસંપર્કનું વ્યાપક અભિયાન

આગામી તા. ૪ થી ૬ જુલાઈ એમ ત્રણ દિવસ દરમ્યાન પ્રદેશ ભાજપા દ્વારા સમગ્ર રાજ્યમાં મંડલ સ્તર સુધી મહાસંપર્ક અભિયાન અંતર્ગત વ્યાપક અભિયાન હાથ ધરાશે. સંગઠન પર્વના પ્રાથમિક સદસ્ય નોંધણીના બીજા તબક્કામાં તા. ૨૦ જૂનથી તા. ૧૫ જુલાઈ દરમ્યાન સમગ્ર રાજ્યમાં મહાસંપર્ક અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. આ મહાસંપર્ક અભિયાનને વેગવંતુ બનાવવા આગામી તા. ૪ થી ૬ જુલાઈ એમ ત્રણ દિવસ દરમ્યાન પ્રદેશ ભાજપ દ્વારા મંડલ સ્તર સુધીનું વ્યાપક અભિયાન યોજાનાર છે. આ દિવસ દરમ્યાન પ્રદેશના આગેવાનો જિલ્લા/મહાનગર કક્ષાએ મંડલ સ્તર સુધીનો પ્રવાસ કરશે અને મહાસંપર્ક અભિયાનના કાર્યમાં જોડાશે.

## આજે હવેલી મંદિરમાં ફુલનો બંગલો

ગાંધીનગર, તા. ૨

શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલીમાં આજે શુક્રવારે પુરુષોત્તમ માસ નિમિત્તે ફુલના બંગલાનો મનોરથ કરવામાં આવશે. વૈષ્ણવોને દર્શનનો લાભ લેવા જણાવાયું છે.

## રવિવારે સાર્વજનિક ગણેશ મહોત્સવ સમિતિની બેઠક યોજાશે

ગાંધીનગર, તા. ૨

શ્રી સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ ગાંધીનગર દ્વારા પાટનગરમાં છેલ્લા ૪૫ વર્ષથી ગણેશોત્સવ ધામધૂમથી હર્ષોલ્લાસ સાથે મનાવવામાં આવે છે ત્યારે ૪૬મા ગણેશ મહોત્સવની ઉજવણીની તૈયારી માટે આગામી ૫ જુલાઈ રવિવાર સવારે ૧૧ વાગે સેકટર-૧૯ જીમખાના ખાતે સાધારણ સભાનું આયોજન કરાયું છે. બેઠકમાં વર્ષ ૨૦૧૪ના હિસાબો રજુ કરવામાં આવશે. તેમજ વર્ષ ૨૦૧૫ માટે હોદ્દેદારો અને કાર્યકરોની વરણી કરવામાં આવશે. સભામાં નગરજનો તેમજ સમિતિના હોદ્દેદારોને ઉપસ્થિત રહેવા પ્રમુખ નિશિત વ્યાસે જણાવ્યું છે.

## દરેક તાલુકાઓમાં વિજ્ઞાન પ્રવાહની શાળા શરૂ કરાઈ

### તમામ ક્ષેત્રે વિકાસ થાય તે હેતુથી રાજ્યમાં વનબંધુ કલ્યાણ યોજના નરેન્દ્ર મોદીના કાર્યકાળમાં અમલી બનાવાઈ હતી

ગાંધીનગર,તા. ૨

રાજ્ય સરકાર આદિજાતિ વિસ્તારોમાં છેક છેવાડાના વિદ્યાર્થીને ઉચ્ચ અને ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવા માટે સતત પ્રયત્નશીલ છે. જેના ભાગરુપે આદિજાતિ વિસ્તારોમાં શિક્ષણ સહિત તમામ ક્ષેત્રે વિકાસ થાય તે હેતુથી રાજ્ય સરકાર દ્વારા ગુજરાતમાં વનબંધુ કલ્યાણ યોજના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કાર્યકાળમાં અમલી બની છે.

રાજ્યના આદિજાતિ વિકાસ વિભાગ અંતર્ગત રાજ્યમાં આદિજાતિ વિસ્તારના ૪૩ તાલુકાઓમાં વિજ્ઞાન પ્રવાહની ઉચ્ચ માધ્યમિક શાળાઓ શરૂ કરવાનો લક્ષ્યાંક પાર પાડવામાં આવ્યો છે. રાષ્ટ્રીય માન્ય નિવાસી શાળાઓમાં ૧૦૦૦ના લક્ષ્યાંકની સામે કુલ ૧૩૨૫ વિદ્યાર્થીઓનું નામાંકન થયું છે. રાજ્યમાં આદિજાતિ વિસ્તારના ૪૩ તાલુકાઓમાં ૮૪ નવોદય અથવા એકલવ્ય નિવાસી શાળાઓ આવેલી છે. ખાસ કરીને કોલેજના વિદ્યાર્થીઓને અભ્યાસની સાથે રહેવાની સુવિધા મળી રહે તે ઉદ્દેશ્યથી ૧૦૦ના લક્ષ્યાંક સામે ૧૧૨ છાત્રાલયોનું નિર્માણ પણ કરવામાં આવ્યું છે. આદિજાતિ વિસ્તારોના તાલુકાઓમાં ગુણવત્તાયુક્ત શિક્ષણની સાથે સાથે ઉચ્ચ શિક્ષણ આપવા માટે પણ વિવિધ એકેડેમિક યુનિટ્સ શરૂ કરવામાં આવ્યા છે જેમાં ૩૩ નવી આઈટીઆઈ, વ્યારા, રાજપીપળા અને ગોધરામાં ત્રણ નવી ઈજનેરી કોલેજો, દાહોદ, વ્યારા અને રાજપીપળા ખાતે ૪ નવા નર્સિંગ એન્ડ ફિઝિયોથેરાપી કોલેજો, અમીરગઢ અને ઝાલોદમાં બે નવી સાયન્સ કોલેજો ગોધરા અને નવસારી ખાતે બે નવી કૃષિ કોલેજો, દાહોદ, દેડિયાપાડા, અમીરગઢ અને ખેડબ્રહ્મા ખાતે ચાર નવી કૃષિ પોલિટેકનિક્સ તેમજ દાહોદ અને દેવગઢબારિયા ખાતે બે અન્ય નવીન કૃષિ સંસ્થાઓ શરૂ કતરવામાં આવી છે જેથી જે તે વિસ્તારમાં રહેતા વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને શૈક્ષણિક સુવિધા પોતાના ઘર આંગણે ઓછા ખર્ચે ઉપલબ્ધ કરાવી શકાય.

અત્રે ઉલ્લેખનીય છે કે, ૧૨માં પ્લાનમાં આદિજાતિ વિસ્તારોના તાલુકાઓમાં ઉચ્ચ અને ગુણવત્તાયુક્ત શિક્ષણ સહેલાઈથી ઉપલબ્ધ થાય તે માટે અનેક નવીનવી જોગવાઈઓ સુચવવામાં આવી છે જેમાં ખાસ કરીને તાલુકા સ્તરે વધુને વધુ પોલિટેકનિક અને ડિગ્રી કોલેજો શરૂ કરવી, સ્થાનિક શિક્ષકોને ઉત્તમ તાલીમ આપી શાળાઓમાં વિજ્ઞાન અને ગણિતનું શિક્ષણ સુધારવું, નિવાસી શાળાઓમાં માળખાગત સુવિધાઓ વધારવી, આદિજાતિ વિસ્તારોની શાળાઓ માટે શિક્ષકોને ખાસ ભથ્થા આપી આકર્ષવા, તમામ શૈક્ષણિક યોજનાઓના કડક અમલ માટે મોનિટરિંગ સિસ્ટમ વિકસાવવી, સ્થાનિક વિસ્તારની જરૂરિયાત મુજબ શાળાઓ ચલાવવા બહુમુખીય મોડેલ અભિગમ અપનાવવો તેમજ જે તે વિસ્તારના ડ્રોપ આઉટ બાળકો ઉપર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે તેમ આદિજાતિ વિકાસ વિભાગની યાદીમાં જણાવાયું છે.

## કૃષિ સંશોધન પુરસ્કાર માટે ખેડૂતોથી અરજી મંગાવાઈ

### વર્ષ ૧૯૯૫થી સરકાર દ્વારા સરદાર પટેલ કૃષિ સંશોધન પુરસ્કાર એનાયત કરાશે : કુલ ૨૮૯ ખેડૂતોને સન્માનિત

ગાંધીનગર, તા. ૨

રાજ્યના પ્રગતિશીલ ખેડૂતો કે જે પોતાની આગવી કોઠાસુઝથી ખેતી કરી આર્થિક રીતે પગભર બને છે તેઓને સન્માનિત કરવા રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે. વર્ષ ૧૯૯૫થી રાજ્ય સરકાર દ્વારા સરદાર પટેલ કૃષિ સંશોધન પુરસ્કાર એનાયત કરવામાં આવે છે જે માટે ચાલુ વર્ષે પુરસ્કાર આપવા અરજીઓ મંગાવાઈ છે. અરજદારોએ ૩૦મી જુલાઈ ૨૦૧૫ સુધી અરજીઓ સંબંધિત જિલ્લાના જિલ્લા ખેતીવાડી અધિકારીને મોકલી આપવા ખેતી નિયામક, ગુજરાત રાજ્યની યાદીમાં જણાવાયું છે.

યાદીમાં વધુમાં જણાવ્યાનુસાર આ પુરસ્કાર હેઠળ જે ખેડૂતોએ આગવી કોઠાસુઝ, સાહસવૃત્તિથી વધુ ઉત્પાદન આપતી નવીન જાતો વિકસાવી હોય નવી ખેતી પદ્ધતિઓ, નવી ખેત ઓજારો કે પોતાના વિસ્તારમાં નવીન પાક દાખલ કર્યો હોય, જળસંચય ક્ષેત્રે કામ કર્યું હો જેવા છ વિષયોને આવરી લેવાયા છે. અત્યાર સુધીમાં રાજ્યના ૨૮૯ ખેડૂતોને વિવિધ ક્ષેત્રમાં પુરસ્કાર એનાયત કરી સન્માનિત કરાયા છે.

વર્ષ ૨૦૧૫-૧૬ માટે આ એવોર્ડ મેળવવા રાજ્યના ખેડૂતોએ ખેતી ક્ષેત્રે પુરસ્કારના વિષયો હેઠળ આગવું પ્રદાન કર્યું હોય તેઓએ અરજી કરવાની રહેશે. આ અંગે વધુ માહિતી માટે જિલ્લાકક્ષાએ જિલ્લા ખેતીવાડી અધિકારી, તાલુકાકક્ષાએ તાલુકા અમલીકરણ અધિકારી, ગ્રામકક્ષાએ ગ્રામ સેવકનો સંપર્ક કરવો. વધુ વિગતો તથા અરજીપત્ર ખેતીવાડી વિભાગની વેબસાઈટ ઉપરથી ડાઉનલોડ કરી શકાશે તેમ યાદીમાં વધુ જણાવાયું છે.

## ફળ પાકોનું ઉત્પાદન ૮૦ લાખ મેટ્રિક ટન

ગાંધીનગર,તા. ૨

રાજ્યમાં કૃષિ ઉત્પાદનમાં બાગાયતી ખેતીનું ખુબ જ યોગદાન રહેલું છે. બાગાયતી પાકો પ્રતિહેક્ટરે વધુ ઉત્પાદન આપતા હોય તે તરફ ખેડૂતોનો ઝોક વધી રહ્યો છે. કચ્છ જેવા ઓછા વરસાદવાળા પ્રદેશમાં પણ ખેડૂતોએ બાગાયતી પાક દ્વારા સમૃદ્ધિ હાંસલ કરી છે. રાજ્ય સરકારે કચ્છમાં ખારેકના ગુણવત્તાલક્ષી અને વધુ ઉત્પાદનને પ્રોત્સાહન આપીને કચ્છ ખાતે ઈઝરાયલના સહયોગથી ખારેકનું પોસ્ટ હાર્વેસ્ટ મેનેજમેન્ટ ઉભુ કરવાનું નક્કી કર્યું છે.

## જીઈબી અને હોમગાર્ડ કચેરી ખાતે વ્યસનમુકિત કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશન અને સેકર-૧૭ સ્થિત હોમગાર્ડ કમાન્ડન્ટ કાર્યાલય ખાતે વ્યસનમુકિત કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કર્મચારીઓ અને હોમગાર્ડ જવાનોને વ્યસનથી દુર રહેવા અનુરોધ કરવામાં આવ્યો હતો. એન.સી.બી. ડાયરેકટર ગાંધીએ જણાવ્યું હતું કે વ્યસનની અસર આવનાર પેઢી પર ન પડે તેનું ધ્યાન રાખજો અને એક વાલી તરીકે પોતાની જવાબદારી બને છે કે પોતાનું સંતાન વ્યસન સથે ઘરોબો ન કેળવે. નશીલા પદાર્થની હેરાફેરીને દુનિયાની બીજા નંબરની હેરાફેરી ગણાવી હતી.

નાર્કોટીકસ ડ્રગ્સ કંટ્રોલ બ્યુરો અમદાવાદના સુપ્રિટેન્ડેન્ટ બાબુલાલ યાદવે નશીલા પદાર્થો અને તેનાથી થતું નુકશાનની માહિતી આપી દુષણથી દુર રહેવા જણાવ્યું હતું. મહિલા હોમગાર્ડ જવાનો વચ્ચે દોડ સ્પર્ધા યોજાઈ હતી. વિજેતા દોડવીરોને ઈનામ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

## આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૯

સૂર્યાસ્ત : ૭.૩૧

### તાપમાન

મહત્તમ : ૩૭.૦ ડિ.સે.

લઘુત્તમ : ૨૮.૦ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૭૪ ટકા ● સાંજે ૪૬ ટકા

### મનોરંજન

**સિટીપલ્સ**

**સ્ક્રીન-૨ :**
એબીસીડી - ૨ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૩ :**
ઈન્સીડીઉસ (અંગ્રેજી) : ૧.૧૫, ૩.૧૫, ૮.૧૫
એબીસીડી - ૨ (૩ડી) : ૧૧.૦૦, ૫.૧૫, ૧૦.૧૫

**સ્ક્રીન-૪ :**
જો બકા : ૧૦.૦૦ ● તનુ વેડ મનુ ૨ : ૧.૦૦
યુવા : ૪.૦૦, ૧૦.૦૦ ● વેકલમ જિંદગી : ૭.૦૦

**સ્ક્રીન-૫ :**
એબીસીડી - ૨ : ૧૦.૦૦, ૧.૪૫
હમારી અધુરી કહાની : ૭.૧૫
જુરાસિક વર્લ્ડ (હિન્દી) ૨ડી : ૪.૪૫, ૧૦.૦૦

**સિનેમેક્સ**

**: સ્ક્રીન-૧ :**
એબીસીડી - ૨ : ૯.૦૦, ૧૨.૧૫, ૩.૩૦, ૧૦.૦૦
જુરાસિક વર્લ્ડ (હિન્દી) : ૬.૪૫

**સ્ક્રીન-૨ :**
બે યાર (ગુજરાતી) : ૮.૦૦
એબીસીડી - ૨ : ૧૦.૪૫, ૨.૦૦, ૭.૩૦
ઈન્સીડીઉસ (અંગ્રેજી) : ૫.૧૫, ૧૦.૪૫

**સ્ક્રીન-૩ :**
ઈન્સીડીઉસ (અંગ્રેજી) : ૯.૧૫, ૧૧.૩૦
જુરાસિક વર્લ્ડ (હિન્દી) : ૧.૪૫, ૧૦.૩૦
એબીસીડી - ૨ : ૪.૩૦ ● હમારી અધુરી કહાની : ૭.૪૫

**સ્ક્રીન-૪ :**
મિસ તનકપુર હાજીર હો (હિન્દી) : ૧૦.૦૦, ૧૨.૪૫, ૬.૧૫
જુરાસિક વર્લ્ડ (હિન્દી) : ૩.૩૫
એબીસીડી - ૨ : ૯.૦૦

### આપની આજ

**મેષ** : નોકરીમાં સહકર્મચારીઓ, મિત્રોનો સાથ- સહકારી મળી રહે. ધર્મમાં આસ્થા વધશે. અટવાયેલા કાર્યોનું નિરાકરણ આવી શકે છે. લાભનો માર્ગ મોકળો બનતો જણાય.

**વૃષભ** : જીવનમાં વિવિધતા પૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. વ્યાપાર-વ્યવસાયક્ષેત્રમાં વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી.

**મિથુન** : કાર્યક્ષેત્રમાં મિત્રોનો સાથ સહકાર મળી શખે છે. આર્થિક લાભની તક મળી શકે છે. નોકરીમાં પદ- પ્રતિષ્ઠામાં વધારો થઈ શકે છે. ઋણથી મુક્ત થઈ શકો છો.

**કર્ક** : આવકના નવા સાધનો પ્રાપ્ત થઈ શકે છે. ચિંતાથી મુક્તિ મળી શકે છે. સમસ્યાઓનો ઉકેલ આવી શકે છે. ખાનપાનમાં ગડબડીથી પેટમાં તકલીફ થઈ શકે છે.

**સિંહ** : વ્યાપારિક કાર્યોમાં આર્થિક લાભનાં સ્ત્રોત તરફ વિચાર- વિમર્શ થઈ શકે છે. ધર્મ-આધ્યાત્મ સંબંધી કાર્યોમાં ગહન ચિંતતનો યોગ. કૌટુંબિક સમસ્યાઓનું નિરાકરણ આવી શકે છે.

**કન્યા** : સંતાનને રોજગારના ક્ષેત્રે ઉન્નતિ મળી શકે છે. ચિંતાઓમાંથી બહાર આવવાનો માર્ગ મળી શકે છે. કુંટબમાં ઉભી થયેલી સમસ્યાઓનો ઉકેલ આવી શકે છે. આવકના નવા સાધનો પ્રાપ્ત થઈ શકે છે.

**તુલા** : સામાજિક માન- સન્માનમાં વધારો થઈ શકે છે. તમારી મિલનસારિતા અને ધૈર્ય તમને સમાજ અને પરિવારમાં પ્રતિષ્ઠામાં વધારો અપાવી શકે છે.

**વૃશ્ચિક** : વેપારમાં કાર્યક્ષેત્રનો વિકાસ અને વ્યાપારિક મુશ્કેલીઓ દૂર થઈ શકે છે. આવક કરતાં વધુ ખર્ચ થવાથી આર્થિક તંગીની આશંકા છે. વિદ્યાર્થીવર્ગ ને દિવસ આનંદમય રીતે પસાર થશે.

**ધન** : વેપાર ક્ષેત્રમાં થયેલ પ્રવાસ લાભદાયી નીવડી શકે છે. અટકાયેલા નાણાં પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક જવાબદારીઓની ચિંતા હળવી બને.

**મકર** : ખાનપાનમાં ગડબડીથી પેટમાં તકલીફ થઈ શકે છે. શારીરિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું. નોકરીમાં ઉપરવર્ગના અધિકારીઓ સાથે વાદવિવાદ ઉભો થતો હોય તેવી બાબતોથી દૂર રહેવું.

**કુંભ** : કૌટુંબિક જીવનમાં સુખ- સમૃદ્ધિમાં વધારો થઈ શકે છે. ભૂમિ-સંપતિના સોદામાં લાભ થવાની સંભાવના છે. વ્યાપારમાં વિસ્તાર હેતુ પ્રયત્ન વધુ કરવા પડશે.

**મીન** : અથાગ પ્રયત્ન કરવા છતાં ઓછો લાભ મળી શકે. નકામો તનાવ, મુશ્કેલીઓના ભારણ નીચે દબાતા હોવાનો અનુભવ થતો જણાય. અનુભવીનું માર્ગદર્શન લેવું.

### ચિરવિદાય

● સ્વ. બાલુબેન ભીખાજી ઠાકોર (ઉ.વ.૯૦) ગામ - બોરીજ, જૈન દેરાસર રોડ, તા.જી. ગાંધીનગર